# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૦૨-૦૫-૨૦૨૩**

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને અલ્પસંખ્યક વિભાગની અગત્યની બેઠકમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કો-ઓર્ડીનેટર શ્રી કે. રાજુ જી ના માર્ગદર્શન હેઠળ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઈ ચાવડા, ધારાસભ્યશ્રી તુષારભાઈ ચોધરી, શ્રી લાલજીભાઈ દેસાઈ, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી ઉષાબેન નાયડુ, શ્રી હિતેન્દ્રભાઈ પીઠડીયા, શ્રી ઘનશ્યામભાઈ ગઢવી, શ્રી વજીરખાન પઠાણ, શ્રી ઉત્તમભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્યશ્રીઓ આનંદ ચૌધરી, શ્રી ચંદ્રિકાબેન બારૈયા, મો.જાવેદ પીરઝાદા, શ્રી નૌશાદભાઈ સોલંકી, પૂર્વ સંસાદશ્રી પ્રભાબેન તાવીયાડ તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનશ્રીઓ ની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે ની મહત્વની બેઠકમાં સર્વસંમતી સાથે ત્રણ ઠરાવો પસાર કર્યા હતા.

**ઠરાવ ૧)**

કૉંગ્રેસ પક્ષ હમેશાં સર્વ સમાજનાં ઉત્થાન અને સામાજિક ન્યાય માટે કટિબદ્ધ રહેલ છે. આ કટિબદ્ધતા ને વધારે મજબૂતી આપવા માટે રાયપુર મહાઅધિવેશનમાં કૉંગ્રેસ પાર્ટી દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી, અલ્પસંખ્યક સમાજ અને મહિલાઓ ને સંગઠનમાં ૫૦% અનામત આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આજે આ પ્રસંગે અમે બધાં આ નિર્ણય લેવા બદલ આપણા સૌના લોકલાડીલા કોંગ્રેસ પક્ષના પૂર્વ અધ્યક્ષા શ્રીમતી સોનિયા જી, આપણા સૌના આદરણીય કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડ્ગે સાહેબનો અને ભારત જોડો યાત્રાના સ્વપ્નદ્રષ્ટા શ્રી રાહુલ જી તેમજ કૉંગ્રેસ પક્ષના નેતૃત્વનો હ્દયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

**ઠરાવ ૨)**

ગુજરાતમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી અને માઈનોરીટી સમાજ બહુમતી વસ્તીમાં છે. પણ વસ્તીના પ્રમાણમાં બજેટ અને રાજકીય પ્રતિનિધિત્વ મળી રહ્યું નથી. આ સમાજનો આર્થીક સામાજિક વિકાસ થાય અને રાજકીય પ્રતિનિધિત્વ મળે તેના માટે જાતિ આધારીત વસ્તી ગણતરી થવી બહુ જ જરૂરી છે.

ગુજરાત અને કેન્દ્ર સરકારે તાત્કાલિક અસર થી જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવે એવી અમે માંગણી કરીએ છે.

**ઠરાવ ૩)**

વર્તમાન સમયમાં દરેક સમાજનાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્થાનમાં સંસાધનો મહત્ત્વનો ભાગ ભજવે છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને અલ્પસંખ્યક સમાજને તેમની જનસંખ્યાનાં પ્રમાણમાં બજેટ ફાળવતી નથી.

અમે આ ઠરાવનાં માધ્યમથી રાજ્ય સરકાર પાસે બજેટ અને તમામ સંસાધનોમાં જનસંખ્યાનાં પ્રમાણમાં બજેટ ફાળવણી ની માંગણી કરીએ છીએ અને તેનાં માટે તાલુકા સ્તરથી રાજ્ય સ્તર સુધી આંદોલનો પણ કરીશું.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને અલ્પસંખ્યક વિભાગની અગત્યની બેઠક કોંગ્રેસ પક્ષ દ્વારા અપાયેલા વિવિધ અધિકારો, સામાજિક કલ્યાણની વિવિધ યોજનાઓ, કાયદાકીય લાભો સહીતના રાજકીય પ્રતિનિધિત્વની પણ ચર્ચા કરવામાં આવી હતી. બીજી બાજુ ભાજપ સરકારની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને અલ્પસંખ્યકને અન્યાય કરતી નીતિઓ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરીને પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચરણ થઇ હતી અને આ તમામ બાબતો લોકો સુધી પહોચાડવા માટેના કાર્યક્રમો અને જવાબદારી નક્કી કરવામાં આવી હતી. ભાજપ સરકારની જન વિરોધી નીતિ સામે કોંગ્રેસ પક્ષના ચારે વિભાગો સાથે મળીને રાજ્ય અને જીલ્લા કક્ષાએ જન અંદોલનના કાર્યક્રમો આપશે.

**શ્રી હિતેન્દ્રભાઈ પીઠડીયા**
**પ્રમુખ, અનુસૂચિત જાતિ વિભાગ**

**શ્રી અનંતભાઈ પટેલ**
**પ્રમુખ, અનુસૂચિત જનજાતિ વિભાગ**

**શ્રી ઘનશ્યામભાઈ ગઢવી**
**પ્રમુખ, ઓબીસી વિભાગ**

**શ્રી વજીરખાન પઠાણ**
**પ્રમુખ,અલ્પસંખ્યક વિભાગ**